દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬


# ધર્મના આધારે જો મુસ્લિમ નાટો બનશે તો નવા ધ્રુવીકરણનો જન્મ થશે

મુસ્લિમ નાટોથી શું ફેર પડશે? વિશ્વની રાજનીતિમાં સૈન્ય શક્તિ, આર્થિક પ્રભાવ અને વ્યૂહાત્મક ભાગીદારીનું મહત્વ સતત વધી રહ્યું છે. નાટો એટલે ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠન, જે તેના સભ્ય દેશોની સામૂહિક સુરક્ષા માટે જાણીતું છે. છેલ્લા કેટલાક સમયથી મુસ્લિમ બહુમતી ધરાવતા દેશો વચ્ચે પણ નાટો જેવી સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવાની ચર્ચા થતી રહી છે. આવા સંગઠનને સામાન્ય રીતે “મુસ્લિમ નાટો” તરીકે ઓળખવામાં આવે છે. જો આવું સંગઠન વાસ્તવમાં અસ્તિત્વમાં આવે, તો તેની અસર માત્ર મુસ્લિમ દેશો પર નહીં પરંતુ સમગ્ર એશિયા અને વિશ્વની રાજનીતિ પર પડી શકે છે. મુસ્લિમ નાટોનો સૌથી મોટો ફેરફાર સુરક્ષા ક્ષેત્રમાં જોવા મળી શકે. અનેક મુસ્લિમ દેશો આતંકવાદ, સરહદી તણાવ, ગૃહયુદ્ધ અને પ્રાદેશિક સંઘર્ષ જેવી સમસ્યાઓનો સામનો કરે છે. જો આ દેશો એકબીજાને સામૂહિક સુરક્ષાની ખાતરી આપે, તો કોઈ એક દેશ પર થયેલા ગંભીર હુમલાને સમગ્ર સંગઠન સામેનો પડકાર માનવાની વ્યવસ્થા ઊભી થઈ શકે. તેના કારણે સભ્ય દેશોની રક્ષા ક્ષમતા મજબૂત બની શકે. બીજી તરફ, આવા સંગઠનથી સૈન્ય સહકાર પણ વધી શકે. સભ્ય દેશો સંયુક્ત સૈન્ય કવાયત, ગુપ્તચર માહિતીની આપ-લે, સરહદ સુરક્ષા અને આતંકવાદ વિરોધી કામગીરીમાં સહકાર આપી શકે. જે દેશો પાસે અદ્યતન સૈન્ય ટેકનોલોજી છે તેઓ અન્ય સભ્યોને તાલીમ અને ટેકનિકલ સહાય આપી શકે. પરિણામે મુસ્લિમ દેશોની સામૂહિક વ્યૂહાત્મક શક્તિ વધી શકે. મુસ્લિમ નાટોની અસર આર્થિક ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ બની શકે. સભ્ય દેશો વચ્ચે વેપાર, ઊર્જા, પરિવહન અને રોકાણ વધારવા માટે વિશેષ કરારો થઈ શકે. તેલ અને ગેસ જેવા ઊર્જા સંસાધનો ધરાવતા દેશો તથા મોટી વસ્તી અને બજાર ધરાવતા દેશો વચ્ચે સહકાર વધે તો એક વિશાળ આર્થિક નેટવર્ક ઊભું થઈ શકે. આર્થિક એકતા રાજકીય એકતાને પણ મજબૂત બનાવી શકે. પરંતુ આવા સંગઠન સામે ઘણા પડકારો પણ રહેશે. મુસ્લિમ દેશોમાં રાજકીય વ્યવસ્થા, વિદેશનીતિ અને રાષ્ટ્રીય હિતોમાં મોટો તફાવત છે. કેટલાક દેશો એકબીજાના પ્રાદેશિક હરીફ પણ છે. તેથી તમામ દેશોને એક જ વ્યૂહાત્મક નીતિ પર સહમત કરવું મુશ્કેલ બની શકે. જો સંગઠન કોઈ એક દેશના રાજકીય અથવા સૈન્ય હિતનું સાધન બની જાય, તો તેની વિશ્વસનીયતા ઘટી શકે. ભારત માટે પણ મુસ્લિમ નાટોની રચના મહત્વપૂર્ણ બની શકે. ભારતના અનેક મુસ્લિમ બહુમતી ધરાવતા દેશો સાથે ઐતિહાસિક, આર્થિક અને રાજદ્વારી સંબંધો છે. તેથી ભારતે આવા કોઈ સંગઠનને માત્ર ધાર્મિક દૃષ્ટિકોણથી નહીં પરંતુ વ્યૂહાત્મક અને આર્થિક દૃષ્ટિએ જોવું પડશે. ભારતની વિદેશનીતિમાં મધ્યપૂર્વ, મધ્ય એશિયા અને અન્ય મુસ્લિમ દેશો સાથેના સંબંધોનું મહત્વ વધુ વધી શકે. અંતે કહી શકાય કે “મુસ્લિમ નાટો” જો માત્ર ધર્મના આધારે સૈન્ય ગઠબંધન બનશે તો તે વિશ્વમાં નવા ધ્રુવીકરણને જન્મ આપી શકે છે. પરંતુ જો તેનો મુખ્ય હેતુ સામૂહિક સુરક્ષા, આતંકવાદ સામે સહકાર, આર્થિક વિકાસ અને પ્રાદેશિક સ્થિરતા હશે તો તે તેના સભ્ય દેશો માટે લાભદાયક બની શકે. આજના સમયમાં કોઈપણ ગઠબંધનની સફળતા તેની સૈન્ય શક્તિ કરતાં વધુ તેના સભ્યો વચ્ચેના વિશ્વાસ, પરસ્પર સન્માન અને સંતુલિત નીતિ પર આધાર રાખે છે. તેથી મુસ્લિમ નાટો વિશ્વમાં મોટો ફેરફાર લાવી શકે છે, પરંતુ તેનો અંતિમ પ્રભાવ તેની રચના, હેતુ અને સભ્ય દેશોની એકતા પર નિર્ભર રહેશે.

નવા સૈન્ય ગઠબંધનની જરૂરિયાત એવા સમયે વધુ વધી છે, જ્યારે અમેરિકાની સુરક્ષા નીતિને લઈને અન્ય દેશોમાં સવાલો ઉઠી રહ્યા છે. અલ જઝીરા અનુસાર, સાઉદી અરેબિયા અને અમુક હદ સુધી તુર્કી લાંબા સમયથી અમેરિકાને પોતાનો મહત્વપૂર્ણ સુરક્ષા સહયોગી માનતા રહ્યા છે. પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકાની વિદેશ નીતિને લઈને વધતી અનિશ્ચિતતા વચ્ચે ઘણા દેશો અન્ય વિકલ્પો શોધી રહ્યા છે. ટ્રમ્પ પ્રશાસને સ્પષ્ટ કહ્યું છે કે તેના સહયોગીઓને પોતાની સુરક્ષા માટે પોતે વધુ જવાબદારી ઉઠાવવી પડશે. મિડલ ઈસ્ટમાં એ ચિંતા પણ છે કે અમેરિકાની વિદેશ નીતિમાં ઇઝરાયલને સૌથી વધુ પ્રાથમિકતા મળે છે. આવી સ્થિતિમાં સાઉદી અરેબિયા અને અન્ય દેશો માટે પોતાની સુરક્ષાના નવા રસ્તા શોધવા જરૂરી માનવામાં આવી રહ્યું છે.

## હેમિંગ્વે ચાર વાર પરણેલા તોય પહેલો પ્રેમ નહોતા ભુલી શક્યા

અર્નેસ્ટ હેમિંગ્વેને સાહિત્યરસિકો ‘ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી’થી વધારે જાણે છે પણ ‘ફોર હુમ ધ બેલ ટોલ્સ’ ‘એ ફેરવેલ ટુ ચાર્મ્સ’ અને બીજી નવલકથા, વાર્તાઓ પણ તેમને મહાન બનાવે છે. એમનું જીવન પણ રસપ્રદ છે. તેમના જીવનામાં આવેલી સ્ત્રીઓની કથા એવી જ રસપ્રદ છે. તેમનો પ્રથમ પ્રેમ એગ્નેસ વૉન કુરોપ્સ્કી નામની નર્સ સાથેનો છે. જેને તેઓ મિલાનની હોસ્પીટલમાં મળેલા. આ પ્રેમ સંબંધ આગળ ન વધી શક્યો અને તેનો ઊંડો આઘાત કાયમ રહેલો. આ અધૂરો પ્રેમ ‘એ ફેરવેલ ટુ ચાર્મ્સ’ નવલકથામાં આલેખાયો છે. પ્રથમ વિશ્વયુધ્ધ દરમિયાન હેમિંગ્વે ઇજાગ્રસ્ત થયેલા અને તે વખતે હોસ્પિટલમાં આ સંબંધ બંધાયેલો. હોસ્પિટલે શરીરને સાજુ કર્યુ પણ હૃદય ઘાયલ કર્યુ. એગ્નેસે આ પ્રેમ સંબંધ ઠુકરાવી દીધેલો. પણ હેડલી રિચાર્ડસન સાથે તેઓ ૧૯૨૧માં પરણેલા અને આ પ્રથમ પત્ની સાથે તેઓ પેરિસમાં રહેલા. પરંતુ ૧૯૨૭માં આ લગ્નસંબંધ તૂટી ગયો. કારણે હેમિંગ્વે પોલીન ફીફર સાથે રીલેશનમાં પડી ચુક્યા હતા. આ અફેર બીજા લગ્નમાં પરિણમ્યો પરંતુ તેની સાથે પણ હેમિંગ્વે લાંબુ લગ્નજીવન બાંધી ન શક્યા. તો હવે ત્રીજી આવી તે માર્થાગેલહોર્ન અને ત્યાર પછી ચોથી પત્ની તે મેરી વેલ્શ. મેરી વેલ્શ સાથે તેઓ છેવટ સુધી ટકી ગયેલા. એગ્નેસ એક ઊંચી કાળાવાળ વાળી છોકરી હતી અને તેની લાંબી કહાણી છે પણ હેમિંગ્વે સાથે ન નભ્યું અને તે નવલકથાનો ભાગ બની ગઇ. સાહિત્યકારો સાથેની પ્રેમકથાની સ્ત્રી જીવનમાં જતી રહે અને કૃતિમાં કાયમી બની જાય. જો કે હેમિંગ્વે કહેતા હતા કે હેડલી સાથેનો તેમનો સાચો પ્રેમ હતો, હકીકત એ છેકે તેમના લગ્નજીવન સફળ રહે એ શક્ય જ ન હતું.ઠા, છેલ્લે હેમિંગ્વેની બધી સંપત્તિ મેરી વેલ્શને મળેલી એ ખરું.



જિંદગીનામા

## વચન

ઘણી વાર ક્હેવામાં આવે છે, માંસાહારમાં વળી શું વાંધો? વર્ષોથી માણસ તો પશુ પંખી ખાય જ છે ને. મને થાય છે કે જો આ જ તર્ક હોય તો માણસ પણ પેદા થયો ત્યારનો માણસને મારે જ છે, તો તેનોય વાંધો શું કામ?

**- આઈસેક બેશેવીક શિંગર**

(1978 માં નોબેલ, અમેરિકન યહુદી લેખક)

કોઈ કળાકાર ક્યારેય પોતાનું કાર્ય પૂરું કરતો નથી. ફક્ત ત્યાર પૂરતું છોડી દે છે.

**- પોલ વાલેરી**

(ફ્રેન્ચ કવિ, નિબંધકાર, ફિલોસોફર) ફ્રાન્સ

કેવી રીતે લખવું તેનો કોઈ નિયમ નથી.ક્યારેક એકદમ સરળતાથી લખાઈ જાય અને જેવું જોઈએ એવું જ લખાઈ જાય ને ક્યારેક પત્થરમાં શારડી ઊતારતા હોય અને પછી વિસ્ફોટક મૂક્તાં હોય એવું બને ત્યારે જેમ તેમ લખાય તો લખાય.

**- અર્નેસ્ટ હેમિંગ્વે**

(1954માં સાહિત્ય માટેનું નોબેલ અમેરિકા ગયા વર્ષના શબ્દોને ગયા વર્ષની ભાષા જોડે લેવાદેવા છે અને આવનારા વર્ષના શબ્દને બીજા અવાજની નિસબત છે.

**- ટી. એસ. એલિયટ**

કોઇ લેખકને એમ ન કહી શકે કે તારે તો આ જ લખવાનું છે. કલ્પના પોતાનો રસ્તો શોધી લેશે.

**- સોલ બેલો**

દરેક આત્મકથા તો કથા-કથન છે. વાર્તા છે ને દરેક કથા-કથન યા કહો કે વાર્તા છે તે આત્મકથા છે.

**- જહોન એમ કોએત્ઝી**

2003માં નોબેલ, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા

તમારી જિંદગીમાં શું શું બન્યુ એ મહત્ત્વનું નથી. મહત્ત્વનું એ છે કે તેમાંનું કેટલું યાદ રહ્યું અને તમે તે કઇ રીતે યાદ રાખ્યું.

**- ગેબ્રિયલ ગાર્સિયા માર્કવેઝ**

**- 1982માં નોબેલ, કોલંબિયા**

## હું પૂછું, તમે કહો

***(૧) સિતાંશુ યશશ્ચન્દ્રે પિટર શેફરના ‘ઇક્વસ’ નાટકનું રૂપાંતર કરેલું જેમાં પરેશ રાવલ, શફી ઇનામદાર વગેરેએ અભિનય કરેલો. એ નાટકનું નામ શું?***

(ક) ખલ્લાસ (ખ) કેમ, મકનજી ક્યાં ચાલ્યા?
(ગ) વૈશાખી કોયલ (ઘ) તોખાર

***(૨) બેગમ અખ્તરે પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરાંકનમાં ‘મેં તજી તારી તમન્ના તેનો આ અંજામ છે’ નામે ગુજરાતી ગઝલ ગાઈ હતી, એ ગઝલના શાયર કોણ હતા?***

(ક) બરકત વીરાણી ‘બેફામ’ (ખ) રમેશ પારેખ
(ગ) ‘મરીઝ’ (ઘ) શૂન્ય પાલનપુરી

***(3) સુરતથી રતિલાલ ‘અનિલ’ના સંપાદન હેઠળ જે માસિક પ્રગટ થતું હતું તેનું નામ શું?***

(ક) અચલા (ખ) વસંત
(ગ) નવચેતન (ઘ) કંકાવટી

***(૪) એ આપણા કયા કવિ જેમણે ખ્રિસ્તી ધર્મ સ્વીકારેલો અને પછી ફરી હિન્દુ ધર્મમાં પાછા ફરેલા?***

(ક) કલાપી (ખ) સુન્દરમ
(ગ) કાન્ત (ઘ) કોલક

***(૫) જેમનો જન્મ દિવસ ૧૫મી ઓગસ્ટે આવે છે, જે મૂળ રાંદેરના છે અને જેમના લીલા પાત્ર પરથી લખાયેલી રચનાઓ ખૂબ જાણીતી છે, એ શાયર કોણ?***

(ક) આસિમ રાંદેરી (ખ) ઝાર રાંદેરી
(ગ) મધુકર રાંદેરિયા (ઘ) મનહરલાલ ચોક્સી

**જવાબ**
[illegible]


# મનને વ્યાકુળ કરતી, પાતળી પીંછીથી અંકાયેલી વ્યક્તિ-છબીઓ

કોની જિંદગીને કોણ સભર કરે છે, કોણ કોને ક્યા સંજોગે મળે છે - છૂટા પડે છે, એ કોણ હોય છે જે જવા પછી પણ જતું નથી? હિમાંશી શેલતના ‘સૂનકારમાં ઉપસતી છબીઓ’ વાંચી રહ્યા પછી ચિત્ત સૂનકારમાં ડૂબી ગયું. જે સૂનકાર હિમાંશીબહેનનો છે તે તો અનિર્વચનીય તેમનો છે પણ એ વાંચતાં ચિત્તમાં જે છબીઓ ઉપસે છે, જે વ્યક્તિત્વો આવનજાવન કરવા માંડે છે ને પછી ખોવાઈ જાય છે તે સૂનકાર આપણોય છે.

વાર્તાકાર, નવલકથાકાર હિમાંશી શેલત તીવ્ર સંવેદનશીલતા સાથે મનુષ્યતાની શોધ કરતા રહેતાં વ્યક્તિ છે. ‘સૂનકારમાં ઉપસતી છબીઓ’માં તેમના મનને અનેક ભૂમિકાએ સ્પર્શતા, સંજોગ-વ્યવહારે ઘડાતા નિકટનાં સ્વજનો છે - જેમાં કુટુંબીજનો, મિત્રો છે, ગુરુ ને આ બધી વ્યાખ્યાઓ ખરી પડે એવા પોતે સર્જેલાં સગપણો છે. ૨૦૧૬માં ‘મુક્તિ-વૃત્તાંત’ નામે આત્મકથા આપ્યા પછી દશ વર્ષે તેમણે ૧૯ ચરિત્ર-ચિત્રોનો ગ્રંથ આપ્યો છે. આ ચરિત્ર-ચિત્રો નિમિત્તે હિમાંશીબહેનનું આત્મકથન જાણે આગવારૂપે ઉમેરાયું છે. જહોન એમ. કોએત્ઝી કહે છે, ‘દરેક આત્મકથા તો કથા-કથન છે, વાર્તા છે ને દરેક કથા-કથન યા કહો કે વાર્તા છે તે આત્મકથા છે.’ પુસ્તકની ભૂમિકા બાંધતાં તેમણે આરંભે જ લખ્યું છે, ‘દીર્ઘ જીવનની એક પીડા તે આસપાસની પ્રિય વ્યક્તિઓ અને સ્નેહી-મિત્રોની વિદાય. મૃત્યુની પરમ સત્ય કે અફર વાસ્તવિકતા લેખે સ્વીકારીએ ત્યારે પણ એ આપણને વિવિધ રીતે અજંપ રાખે છે.’ તેમણે એવુંય લખ્યું છે કે ‘મોટા ભાગનું આલેખન ખાલીપાની તીવ્ર લાગણીમાં જ થયું છે.’ ‘જેને ખૂબ ચાહતાં હોઈએ એ જતાં રહે ત્યારે એમણે છોડેલી ખાલી જગ્યા ભીતર પ્રવેશીને વિસ્તરે છે, સમયનાં વહેણ સાથે એ સૂનકારને સંબંધ નથી, મરણ અને હંમેશની વિદાયને અંતિમ સત્ય ગણીને માથે ચડાવીએ તો પણ, ત્યારે પણ આ સૂનકાર નથી અનુભવાતો એવું શી રીતે કહીએ?’

તો આ સમ-વેદનાનાં સૂત્રે બંધાયેલા ચરિત્ર-ચિત્રો વાચકચિત્તને પણ વ્યાકુળ કરે છે ને જે ખોવાયા છે તેના માટે ખાલીપો અનુભવે છે અને આમ થવાનું કારણ આલેખનમાં ભળેલી, ભાવકને જોડતી લેખિકાની સંવેદનશીલતા ઉપરાંત નિસબત છે. પહેલું જ ચરિત્ર-ચિત્ર વિનોદ મેઘાણીનું છે ને જાણે એક જ શ્વાસે લખાયું હોય એવું છે. ‘પણ એ અઘરો માણસ. સાફ દિલનો અને હૈયે તે હોઠે રાખે એવો, છતાં ખરેખર અઘરો. સહેલાઈથી અનુકૂળ આવી જાય એવો બિલકુલ નહીં. આશુરોષ અને ગુસ્સો સામી વ્યક્તિને પરાસ્ત કરે એવો. જો એના જેવી જ ઉગ્રતા સામે હોય તો સંબંધ ટકાવવો મુશ્કેલ. આવી કેટલીય ક્ષણો આવી હતી જીવનમાં અને હું કહી દેતી કે અહીં છું તે માત્ર સોનુને કારણે, જો એ ન હોત તો તો-’

- પણ અમે બંને જાણતાં હતાં કે ઊંડા આદરથી બંધાયેલા અમે એમ સંબંધ તોડીએ એવાં નહીં.’ શું આવી અભિવ્યક્તિ બીજે મળશે? આખો લેખ



**પુસ્તકઃ સૂનકારમાં ઉપસતી છબીઓ લેખિકાઃ હિમાંશી શેલત પ્રકાશકઃ અરુણોદય પ્રકાશન ૨૦૨, હર્ષ કોમ્પ્લેક્સ, ખત્રીપોળ, પાડાપોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧ કિંમતઃ રૂ. ૨૨૦/-**

વિનોદભાઈના વ્યક્તિત્વને સમગ્રતાથી ઉપસાવે છે ને અગ્નિની આંચ સાથે ઉપસાવે છે. વિનોદભાઈ પ્રત્યે આદર જન્મ્યા વિના રહે જ નહીં. બંને નોખાં વ્યક્તિત્વ અને બંનેએ એકબીજાને માટે જે અવકાશ રચ્યો તે આજે વિચારો તો વિરલ લાગે એવો. ઊંચા થયેલા શ્વાસે ને ઊંડો ખળભળાટ મચાવે એવું આ ચરિત્રચિત્રણ હિમાંશીબહેને સ્વયં જીવ્યું છે.

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

પુસ્તકમાં આ માત્રા એકસરખી ન જ હોઈ શકે કારણ કે બધાં જુદી જુદી રીતે તેમના મનની માટીમાં રોપાયાં છે. વિનોદ મેઘાણી, મહેન્દ્ર મેઘાણી અને ચિત્રાદેવી મેઘાણીમાં ઉત્તમ લખાયેલું ચરિત્ર તો વિનોદભાઈનું જ કહીશું પણ મહેન્દ્ર મેઘાણી વિશે લખે ત્યારે તેઓ ‘મેઘાણી બંધુ’ના ચારિત્ર્યિક વિશેષો પકડે છે, ‘મેઘાણી - બંધુઓના સંબંધની પ્રકૃતિ બહુરંગી અને સ્વીકૃત ધોરણને ટેકે ન સમજાય એવી’ એવું લખે ત્યારે હિમાંશીબહેન આપણને એ કુટુંબના એવા વિશેષો પરખાવે જે વિચારતા કરી મૂકે પણ મહેન્દ્ર મેઘાણીના પુસ્તકપ્રસારનાં કાર્યોની વાત તો એક વિલક્ષણ ને સમર્પિત પુસ્તકસાધુની જણાશે. તેમાં તેઓ ઝવેરચંદ મેઘાણી - મહેન્દ્ર મેઘાણી વચ્ચે જે પિતા-પુત્ર સંઘર્ષ હતો તે પણ પત્રાંશોના આધારે મૂકી આપે.

આ પુસ્તકનો પરિચય અધૂરો જ રહે એમ છે કારણ કે દરેક ચરિત્રો વાચનપ્રત્યક્ષ થયા વિના પમાવા અધૂરા છે. ચરિત્રચિત્રણકાર, સુરત એમ.ટી.બી. કોલેજમાં અધ્યાપિકા રહેલાં અને તે પહેલાં જીવનભારતીમાં વિદ્યાર્થિની હતાં. વાસુદેવ સ્માર્ત, નટવરસિંહ પરમાર અને બીજા અધ્યાપક સમયમાં ઉમેરાયાં છે તે વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, કુંજવિહારી મહેતા અને અંજની પારેખ. આ બધા સાથે રચાયેલા સહજીવનની છબીમાં નોસ્ટોલિજિયા સાથે બધાનો વિશેષ રીતે ઓળખાવવાની નિજી આરત છે. વાસુદેવ સ્માર્ત વિશે, ‘જે કામને સમર્પિત હોય તેને પોતાનું ઉત્તમોત્તમ આપવું અને એમાં પૂર્ણપણે ઓગળી જવું એ કંઈ બધાંને હાથ લાગે એવો કસબ નથી’ કહે ત્યારે થાય કે કેવા મર્મજ્ઞ પ્રવેશી ગયા છે, તેમના ચિત્રકાર તરીકેના વિશેષો ઓળખાવે અને દઢાગ્રહને કારણે સામાનેય હંફાવે પણ આગ્રહ છોડે નહિ એવી રેખાઓ પણ આંકી છે. નટવરસિંહ પરમારનું વ્યક્તિત્વ તો એવું આલેખાયું છે કે તેઓ સ્વયં મૃત્યુલોકમાંથી ડોક કરી નજર કરવા ચાહે. એ નટવરસિંહ પરમાર સાહેબને હિમાંશી શેલતની વાર્તા આકર્ષી નહોતી શકી, લો બોલો!

જગદીપ સ્માર્ત અને ગીતા નાયક વિશેનાં ચિત્રણ કરતી વેળા એકમાં મૈત્રી અનુભવાય તો બીજામાં ગીતા નાયકને માણસને પામવાની અને અધિકાર દાખવવાની ઉષ્મા ઓળખાય. જગદીપ જવાથી જાણે સુરત અને ગીતા નાયક, મંજુ ઝવેરી જતાં મુંબઈ ગયું એવો તેમનો નિજી ભાવ ચિત્તમાં અજંપો જન્માવે. મકરંદ દવે અને કુંદનિકા કાપડિયાનાં ચિત્રણમાં સંસ્થાસ્થાપન અને અધ્યાત્મની દિશાની સેળભેળમાં આખર કેવી નિષ્ફળતા આવે, વ્યક્તિને ગુમાવવા વારો આવે તેની કથા છે. આ બંને ચિત્રણો કોઈ સ્વપ્નભંગ સર્જકના સાહસને સમભાવથી જોતાં જોતાં મૂલવનારાં છે. ઉતાવળે અહીં બધું ન નોંધી શકાય પણ થાય કે માસી વિશે લખો છો તો બા વિશે લખો ને! અંજનીબહેનના વ્યક્તિત્વની રેખા એટલી તો નાજુક રીતે આલેખી છે કે એક મૈત્રીચિત્ર ઉપસી આવે. ઈલા ભટ્ટનું ચિત્ર છે તો પૂર્ણ પણ તેમાં અંગતતા ઓછી ભળી છે, પણ મંજુબહેન ઝવેરી ફરી ફરી વાંચવાં ગમે.


હિમાંશી શેલત આમ તો લેખનમાં અંગતતાથી બચીને ચાલે, જે કંઈ તે વાર્તામાં પણ અહીં તેઓ જે રીતે ઉઘડ્યાં છે તે સ્વજનોનાં મૃત્યુના અંધારામાં ઊભાં રહી ઉઘડ્યાં છે એટલે તેમનો સૂનકાર એવો સ્પર્શે છે કે સ્તબ્ધતા છવાઈ જાય. એવુંય થાય કે એ બધા ગઈ સદીના જ હોય શકે એવાં હતાં. હવે બદલાયેલી આબોહવામાં તેવા માણસો ક્યાં શોધવાં? મૃત્યુ તો આમ પણ કોઈને પાછા આપતું નથી.

## અહહા, દક્ષિણ એશિયાની એ વાનગી-સંસ્કૃતિ જે મુસ્લિમો વડે રંધાયેલી છે

***Forgotten Foods: memories and Recipes from Muslim South Asia ->***

***Edited by : Siobhan Lambert-Hurley, Tarana Husain Khan, Clare Chambers***

જો તમે ખાવાના શોખીન છો અને ભોજન સંસ્કૃતિમાં રસ છે તો આ પુસ્તકમાં દક્ષિણ એશિયાની અનેક ઐતિહાસિક વાનગીઓનો ઈતિહાસ જાણવા મળશે અને અમુકની રેસિપી પણ મળશે. દક્ષિણ એશિયાના મુસ્લિમ દેશોમાં માંસાહારી વાનગીઓ અનેક રીતે બનતી હતી અને આ પુસ્તકમાં દક્ષિણ એશિયાના અનેકો વડે એ ભોજન પરંપરાની યાદ કરાવવા સાથે વાનગી લખી જણાવી છે. સરસોં કા સાગ અને સાથે પાલક, રોઘીની રોટી ખસ્સાગી, આલુ કી કતલી, લસણ મિર્ચ્ચ કી ચટની, ખીમા ફ્રાય કસ્ટર્ડ એપલ ખીર, કલકત્તા મટન બિરયાની, સોયાબીન બિરયાની, ગુપચુપ શામી કબાબ, ખીમા સમોસા, કાલી દાલ, રામપુરા ઉડદ દાલ ખીચડી, બિહારી કબાબ, અવધ મુર્ગ કુર્મા, જીરા કાંજી, રામપુરી અદ્રક હલવા ને બસ એવું એવું. પણ આમાં વાનગીઓની ચટાકેદાર કથાઓ છે અને તે અનેકોએ લખી છે. ફૈઝ અહમદ ફૈઝની દીકરી મોનીઝા હાશમીએ પિતાની સ્મૃતિરૂપે લખી તો વળી રાના સફવી, બીના શાહ, તરન ખાન, ક્લેર ચેમ્બર્સ, રિઝવીના મોર્સેધ દા અલ્વીસ, ફરાહ યામીન, જયંત સેનગુપ્તા, ફીદા હુસૈન જેવા ઘણા છે. બંગાળીનાં ઈસ્લામી ખાણાં જૂદા અને ભોપાલમાં જૂદા, હૈદરાબાદી જૂદું ને બિહારનું જૂદું.



અરે ભૈ, તમે વાંચવા બેસશો ને રસિક વૃધ્ધોને સંભળાવશો તો એ વાનગી સાથે ભૂતકાળની રસીલી ગંધ ઊઠશે. ૨૯૦ પેઈજનું આ પુસ્તક ઇંગ્લિશમાં છે પણ એ ભુલાયેલા સ્વાદોને જીભમાં બેઠા કરશે. કેરળ, કાશ્મીરની વાનગી તમને ચટાકો કરાવશે.

**પ્રકાશક : Picador India છે. ૪૯૯ રૂ. નું પુસ્તક છે.**

## મીનાક્ષી ચંદારાણાની ગઝલને દાદ દો

મીનાક્ષી ચંદારાણાનો ‘સાંજને સૂને ખૂણે’ પછીનો આ બીજો ગઝલસંગ્રહ છે. ગઝલ આમ તો પુરુષ ગઝલકારોની અભિવ્યક્તિ તરીકે વધુ ખેડાયેલો પ્રકાર છે પણ અનેક સ્ત્રી ગઝલકારોએ પણ હવે તેમાં પોતાની સિધ્ધિ ઉમેરી છે. ઓરંગઝેબની પુત્રી ઝેબુન્નિસાનાં ફારસી કાવ્યોના છંદોબધ્ધ ગુજરાતી અનુવાદ આપનાર મીનાક્ષી ચંદારાણા આ સંગ્રહમાંઃ

*ચંદ મિસરા, ચંદ ગઝલો, ચંદ દીવાન-એ-સુખન*
*એ રીતે ઊજવ્યા અમે ઓચ્છવ અમારી આહના*
*યા*
*સંતાપો જ્યાં તપ થઈ જતાં, પીડા ચરણ પખાળે છે*
*અક્ષર આઠે પ્હોર અને અનહદમાં ફુલેફાલે છે*

જેવા શેરોમાં ગઝલકાર તરીકેના આત્મકથન અને ઊંડા ગહ્વરો સ્પર્શ્યાને પણ આલેખે છે. ગઝલના સ્વરૂપને સમજતાં મીનાક્ષી ચંદારાણા સહજ રીતે જ એવા અધ્યાત્મ સુધી પહોંચી જાય છે જેમાં ઊંડી ચિંતનશીલતા છે. તેઓ જૂદા પ્રશ્નો પણ ઊભા કરે છે, ગઝલ બનવાની શરતે

*હાય ! લંકા લગ ગયા ને તે છતાં -*
*રામ પહોંચી ક્યાં શક્યા સીતા સુધી !*
*ને બદલાયેલી સ્ત્રી પણ અહીં છે*
*હું કાલે ઘૂમટો તાણીને બેઠી’તી*
*કછોટો મારીને ઊભી થઈ છું*
*ને આ પણ અસર ઊભો કરે તેવો શેર*
*એય છે કે શિર અક્કડ રાખવાનું હોય છે*
*એમ છે કે મન કશે નમતું નથી એવું નથી*



મીનાક્ષી ચંદારાણાના આ ગઝલસંગ્રહમાં વિનોદ જોશી જેવાએ કવયિત્રી અને તેમના ગઝલકાર્યને ઓળખાવતાં લખ્યું છેઃ ‘લાગણીને તેના રૂઢ માળખામાંથી બહાર લાવી નવી બનાવવાનો પ્રયત્ન ઘણી ગઝલોમાં ધ્યાનાર્હ બન્યો છે.’ તો ગુલામ અબ્બાસ ‘નાશાદ’ લખે છે કે, ‘મીનાક્ષીબહેન સાફ અને શુદ્ધ છંદ સાથે સુંદર ગઝલો આપી રહ્યાં છે, કારણ કે એમને મન ગઝલરચના એક સાધના છે, તપસ્યા છે, એક નિજાનંદી મસ્તી છે.’ મીનાક્ષીબહેને સ્વયં પણ પોતાના ઘડતરના તબક્કા આલેખતાં ગઝલ સ્વરૂપ વિશે ખૂબ ગંભીરતાથી લખ્યું છે. તેમને ખબર છે કે તેઓ કઈ પરંપરામાં રહી કામ કરે છે. તેમની ૧૧૭ ગઝલમાંથી પસાર થતાં સમજાશે કે તેઓ ખરે જ ‘પીડથી પંક્તિ લગી’ પહોંચ્યા છે ને પીડ એક નથી.

**પુસ્તક : પીડથી પંક્તિ લગી, પ્રકાશકઃ સાયુજ્ય પ્રકાશન, એ-૨૨૧, સૌરભ પાર્ક, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩ કિંમત - રૂ. ૩૦૦/-**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### INS હોસ્પિટલ જવાનું થયું અને જોયું પણ શું?

આરોગ્યની સંભાળ નાગરિકોની સગવડ અને સુવિધા હોસ્પિટલમાં ખાસ ધ્યાન રાખવામાં આવે છે.ખાનગી હોસ્પિટલમાં દર્દીને આત્મસંતોષ થાય તે મુજબ વર્તન અને સર્વિસ આપવામાં આવે છે. ચાર મહિના પહેલાં ગયા હતા ત્યારે કેસ કઢાવ્યો તો તેની સાથે બે કુપન આપવામાં આવતી હતી.ચા અથવા કોફી પીવા માટે પરંતુ આઠમા મહિનામાં ઓગષ્ટમાં ફરી મુલાકાત લેતાં ખબર પડી કે ચાય કે કોફી કુપન બંધ થઈ ગઈ છે. તેમાં ખરેખર આરોગ્યવર્ધક વસ્તુ જ રાખવાની હોય પણ ત્યાં બાલાજી હોય, ગોપાલ હોય, જાતજાતનાં પડીકાં વેચાણ કરવા ઠંડા પીણા સેલ કરવા આવી મોટા ભાગની ખાનગી હોસ્પિટલો સેલિંગ કરે છે. આ વિષયમાં સરકારે ધ્યાન દોરવું પડશે કારણ કે ઘણા ગામડામાં ઈકો ટુરીઝમ પ્રવાસન સ્થળ તરીકે સરકારે જાહેર કરીને ડેવલોપમેન્ટ કરવામાં આવ્યા છે. ત્યાં કોઈ પડીકાં લઈ જઈ શકે નહીં.તો સવાલ એક હોસ્પિટલમાં તેની અંદર અયોગ્ય ફાસ્ટફુડનું વેચાણ કરવું સાચી રીતે આરોગ્ય જાળવવા મોટી હોસ્પિટલો ખરી રીતે વિચારશીલ ખરી? સરકારે બને એટલો ભાર અને ધ્યાન આપીને સરકારી હોસ્પિટલ ખાનગી હોસ્પિટલ જેવી સેવા ઉપલબ્ધ કરવા માટે પ્રયત્ન સાથે સ્પર્ધા કરવી જોઈએ. આપણા નેતાના આગમન પછી ડેડીયાપાડા પ્રાંતમાં એક કરોડનું ચાનું બિલ મૂકવું આ નેતાઓની લહાણી કહેવી કે જનતાની સેવા કહેવી પરિવર્તન ઈચ્છાધારી લોક સેવકોની જુબાની પરથી ખ્યાલ આવે છે. ગજબ ગુજરાતની ગજબ વાત છે. આખરે લોકશાહીમાં જે ચૂંટાયા તે જ સિકન્દર બને છે.

**સુરત - હરીશ ચૌધરી**

### એનેલોગ પનીર પરનો પ્રતિબંધ

સરકારે એનેલોગ પનીર પર પ્રતિબંધ મુક્યો છે તે ઉચિત પગલું છે. આ પનીર પણ એક જાતનું નકલી પનીર જ છે.આવા સ્વાસ્થ્યને હાની પહોંચાડનાર પનીરનો રોજ બરોજમાં ઉપયોગ થતો હતો. એ સિવાયના પણ ડુપ્લીકેટ પનીરનું વેચાણ થતું હતું. આવા શરીરને હાની પહોંચાડનારા ખોરાકથી આપણા સ્વાસ્થ્યને નુકશાન થયા છે. દૂધમાંથી જો પનીર બનવવામાં આવે તો ૫:૧ ના રેશિયા પ્રમાણે બનતું હોય છે. આ પનીર ખાવા લાયક હોય છે. વળી આ પનીર ડેરીવાળા કે હોતાલ્વાલાને બનાવવાનું પોષાતું હોતું નથી. એનેલોગ પનીર પ્રમાણમાં સસ્તું હોય છે. એટલે પનીર વેચનારા પણ નફાખોરી ખાતર લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા હોય છે. બીજું કે, આજકાલ તો ભેળસેળવાળું દૂધ પણ વેચાતું હોય છે. એટલું જ નહી અન્ય ખાવાની ચીજ વસ્તુઓ પણ ભેળસેળવાળી જ હોય છે. સરકારે તો આ ભેળસેળ પર પ્રતિબંધ મુક્યો છે. પનીર અસલી છે કે નકલી તે પણ જાણવું પડશે.જો કે હવે પનીર બનાવનારા થોડા સાવધ થઈ જશે. આપણે ત્યાં જરૂરિયાત કરતા ઓછું દૂધનું ઉત્પાદન થાય છે. બીજું હવે નફાખોરીનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે તેની સાથે છેતરપીંડીનું પ્રમાણ પણ વધતું જાય છે.

**નવસારી - હિતેન્દ્ર ટેલર**

### સરકારે હંમેશા સાચે-ખોટે, બધે જ મુદ્દે ઝૂકવાનું?

તારીખ ૫ ઓગસ્ટ, ૨૦૨૬ ના ‘ ગુજરાતમિત્ર ‘ દૈનિકની ‘ ચર્ચાપત્ર ‘ કટારમાં બે વાચકોના વિચારો રજૂ થયા. જેમાં એક ડૉ. શ્રી કિરીટ ડુમસિયાનાં જેમાં મોદીને ઝૂકતાં શીખવાની સલાહ હતી અને આ જ દિવસે રાજુ રાવળનું દેશ વિરોધી અભિયાનને સમજાવતા વિચારો તથા તારીખ ૪ ઓગસ્ટ, ૨૦૨૬ ની આ જ કટારમાં શ્રી ચંદ્રકાંત રાણાનું લગભગ રાજુ ભાઈના વિચારો સાથે ક્યાંક મળતા વિચારો રજૂ થયા. કિરીટભાઈ પણ મોદીને ટકવાનું જરૂરી તો માને જ છે. આજે સમાચાર જોવા મળ્યા કે નવી ઊભી થયેલી પાર્ટી, કે જેના સ્થાપક આંદોલન સમયે પણ ટેસ્ટી વાનગી આરોગતા નજરે પડે છે અને તેનાં સાથીઓ અશ્લીલ ચેષ્ટા સાથે બિનસંસદીય ભાષા બોલતા દેખાય છે અને મરણાંત અપવાસ કરવા અન્યને સાધન બનાવે છે, જેનું સાધન નિર્વાચન નથી પણ ફક્ત ને ફક્ત એક પછી એક (પ્રાયોજિત?) આંદોલનો જ છે. તેમણે ખુલ્લમ ખુલ્લા જાહેર કર્યું છે કે નવા નવા મુદ્દા શોધીને કેન્દ્ર સરકાર અને એનડીએ ની રાજ્ય સરકારો સામે આંદોલનો ચાલુ જ રહેશે. આંદોલનના તરફદારોએ યાદ રાખવું જોઈએ કે દેખાવો પ્રતિબંધિત વિસ્તારમાં હતા અને આંદોલનકારીઓ કરતા ઘાયલ પોલીસ જવાનો, અધિકારીઓ અને (મહિલા સહિત) પત્રકારોની સંખ્યા વધારે હતી. સરકારે હંમેશા સાચે-ખોટે, બધે જ મુદ્દે ઝૂકવાનું?

**સુરત - પિયુષ મહેતા**

### શું ચાલી રહ્યું છે અને શું સાચું માનવું?

કોરોના વાઈરસ મોટા દેશોની એક રમત હતી. લાખો માણસો મરી ગયાં. દુનિયામાં અણુ યુદ્ધ ના ભણકારા, અણુશસ્ત્રો માટે પડાપડી, મારો ધર્મ મોટો, નબળા દેશોનો નાશ, દુનિયામાં વધતી જતી જાનહાનિ, ઈન્ટરનેશનલ રમતોમાં ગોટાળા , રાજકારણીઓ અને દુનિયાના કહેવાતા નેતાઓના ન સમજાય તેવા મેસેજો, આપણા દેશમાં મંદિરના પૈસાની ચોરી, પેપર લીક , પોલીસોની દાદાગીરી , ઠેરઠેર ગુંડાગીરી, લાંચરૂશ્વત, પૈસા માટે લુચ્ચાઈ, મારામારી , દેશનું જે થવાનું તે થાય, મારે રાતોરાત પૈસાવાળા થઈ રાજ કરવું છે , ગાંધીજી જેમણે આઝાદી અપાવી તેને બદનામ કરવું , ભગવાનની મશ્કરી, અંધશ્રદ્ધા, આંધળું અનુકરણ, નવા બનાવેલા હાઈ વે રસ્તાઓ ધોવાઈ જવા અને નવું તો ભજન ગાવાના પ્રોગ્રામમાં પૈસાની રમઝટ જાણે મુઝરામાં ફેંકાઈ રહ્યા હોય અને કહેવાતા મહાનુભાવો હીંચકે ઝૂલીને વાહવાહ કરે ,ગરીબ ગરીબ થતાં જાય છે અને પૈસાદાર ધરાતાં નથી , સાધુ લોકો રાજકારણની વાતો કરે. દુનીઆ ક્યાંથી ક્યાં ચાલી ગઈ. હવે એવું લાગે છે કે આપણું જૂનું ભણતર, શિક્ષણ અને આદર્શોને આઘા મૂકીને આ નવામાં જોડાઈ જવું પડશે. તો જ આ હરીફાઈમાં રહેવાશે. સાચા નિયમથી જીવતા માણસને માટે બહુ અઘરું છે. કયાં તો બધું છોડીને હિમાલય પર જવું પડશે. સમજાતું નથી. આમાં સાચું શું ? આપણાં છોકરાઓને જીવવા માટે શું શીખવવું? ગુંડાગીરી?

**વલસાડ - દર્શિત દેસાઈ**

### AI અને બેરોજગારી

વ્યક્તિ સમાજ અને દેશના તંત્રને વર્તમાન પ્રવાહ સાથે બદલતા રહેવું જરૂરી છે.બદલાતા સ્વરૂપથી પ્રત્યેક એકમમાં પહેલા ચોક્કસ મુશ્કેલી પડે છે પરંતુ થોડા સમય કે વર્ષો બાદ તેની ચોક્કસ હકારાત્મક અસર વ્યક્તિ અને દેશને પ્રાપ્ત થઈ સમગ્રતા થી વિકાસ થાય છે. અર્થતંત્ર અને પાયારૂપ ક્ષેત્રોમાં ( ખેતી ઉધોગ અને સેવાક્ષેત્ર) શ્રમપ્રધાન ઉત્પાદન પદ્ધતિની સ્થાને મૂડીપ્રધાન ઉત્પાદન પદ્ધતિ અપનાવી ચોક્કસ ઉત્પાદન વધ્યું છે પરંતુ સાથે સાથે રોજગારીની તકોનું સર્જન ઘટ્યું છે. કારણ કે શ્રમનું અસ્તિત્વ ધરાવતા શ્રમિકનું સ્થાન યંત્ર મશીન તથા આધુનિક યુગની પ્રખર શોધ એવી રોબટ્સ અને AI એ લઈ લીધું છે.ત્યારે પ્રશ્ન થાય કે શું AI ઉદભવથી બેરોજગારીનું સર્જન થાય છે? આધુનિક યુગમાં AI મોડથી સામાન્યથી જટિલ સમસ્યા તથા કોઈપણ વ્યક્તિગત. સંસારિક તથા સામૂહિક અજ્ઞાનતા રૂપી પ્રશ્નનો ઉકેલ AI ચોક્કસ અને ઝડપથી આપે છે. જેની સમજૂતી અને યોગ્યતાના અનુકરણથી વ્યક્તિ પ્રકાશમય બની શકે છે. વિદ્યાર્થીથી લઈને કોઈપણ વ્યક્તિ AIનો સચોટ. AI થી એ વ્યક્તિ બેરોજગાર બનશે જે આ પદ્ધતિથી અજાણ હોય તથા શીખવા સુધીનો સમય બેરોજગાર રહી શકે છે. વિશ્વના અર્થતંત્ર સાથે હરીફાઈમાં ટકી રહેવા અને સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે નૂતન ટેકનોલોજી સાથે જોડાયેલા રહેવું હિતાવહ છે.

**નવસારી - વિરલકુમાર ટંડેલ**